# ૩.૪ જૈનોનું શરીર વિજ્ઞાન અને દસપ્રાણ

સંસારમાં ચિત્ર – વિચિત્ર જાતિના વિવિધ સ્વભાવના અને અનેક પ્રકારની શક્તિવાળા મનુષ્યો નજરે જોવા મળે છે. અને ગ્રીનીસબુકના રેકોર્ડથી સાંભળવા મળે છે. સર્વ મનુષ્યોને શારીરિક અવયવોનું બંધારણ તો એક સરખું જ મળેલું છે. તો પણ એક શક્તિશાળી અને બીજો માયકાંગલો કેમ? આ માનવ શરીર હકીકતે પંચમહાભૂતોનું બનેલું છે. તેમ જાણીએ છીએ. પરંતુ આ શરીરના મૂળભૂત દ્રવ્યો કયાં? દેવ – દેવીઓને કેવું શરીર હોય? નરક – તિર્યંચોને કયું શરીર હોય? માનવ શરીર પાંચ મહાભૂતોનું બનેલું નક્કી પરંતુ આ સિવાય બીજા કેટલાં પ્રકારના શરીર છે? અને તે કોને–કોને હોય વગેરે બાબતો જૈન ધર્મમાં સૂક્ષ્મતાથી સમજાવેલ છે. શરીર પાંચ પ્રકારના છે. ૧) ઔદારિક, ૨) વૈક્રિય, ૩) આહારક, ૪) તૈજસ, ૫) કાર્મણ.

૧) ઔદારિક શરીર : તિર્યંચ પશુ–પંખી મનુષ્યનું જે શરીર (બોડી મટીરીયલ) ઔદારિક શરીર છે. તે 'ઔદારિક' કર્મ વર્ગણા પુદ્‌ગલોમાંથી બનેલું છે. આ ઔદારિક શબ્દ 'ઉદાર' શબ્દ ઉપરથી બનેલો છે. જે કર્મ બાંધવામાં ભોગવવામાં ઓ કર્મક્ષય કરવામાં પણ ઉદારતા પૂર્વક કામ કરે છે. એટલે કે સત્ય–સમજણપૂર્વક જો આ શરીર થકી સાધના કરવામાં આવે તો સિદ્ધગતિને પ્રાપ્ત કરી શકે છે. અને મોક્ષે જવા માટે સમજણપૂર્વક જો આ શરીર જ કામ લાગે છે.

૨) વૈક્રિય શરીર : આ શરીરની સંરચના પારા જેવી હોય છે. આ દેવ–દેવી અને નારકીહોનું શરીર વૈક્રિય પુદ્‌ગલોનું બનેલું હોય છે. આ શરીરથી ધારો ત્યારે – ઈચ્છા કરે ત્યારે નાનું – મોટું અનેક રૂપવાળું ભેગું જુંદું આદિ અનેક ક્રિયાઓ કરી શકે તેવું જન્મજાત શરીર હોય છે. આ શરીર ગમે તેટલા આઘાત – પ્રત્યાઘાત વગેરે થાય તો પણ જીવનના અંત સુધી નાશ પામતું નથી.

૩) આહારાક શરીર : સંયમધર–ઋદ્ધિવાળા વિશિષ્ટ કક્ષાની સાધના પછી જ પૂર્વધરર મુનિને આ શરીર પ્રસંગોપાત બનાવવાનું પ્રાપ્ત થતું હોય છે. અતિ વિશુદ્ધ કક્ષાના ઉજજવળ કર્મ પુદ્‌ગલને છઠ્ઠા ગુણસ્થાને રહેનારા મુનિ પોતાના યોગબળથી એક હાથ પ્રમાણ અતિ શ્વેત, સુંદર, સૂક્ષ્મ શરીર બનાવી સાક્ષાત્ પરમાત્માના સમવસરણની ઋદ્ધિ જોવા માટે અથવા તત્ત્વોના સંયમ નિરાકણ માટે એક અંત મુહૂર્ત પ્રમાણ રાખે છે. તેને આહારક શરીર કહેવાય છે.

૪) તૈજસ શરીર : વીજળી સંમાન શક્તિઓ ધારણ કરવાવાળું તૈજસ કર્મવર્ગણારૂપી સૂક્ષ્મ પુદ્‌ગલ સ્કંધોના સમૂહથી ઉપ્તન્ન થાય છે. કર્મના પ્રભાવથી દરેક સંસારી જીવોના દેહ પ્રમાણ જઠરરાગ્નિ સળગતી રહેતી હોય છે. આ શરીર અગ્નિ સ્વરૂપ જ છે. સૂક્ષ્મ છે. શરીરનું તાપમાન જાળવવાનું તથા આહાર પચાવવાનું કામ કરે છે. તથા દીપ્તિ – કાન્તિ – રતાશ – તાન આવવાો વગેરે આ શીરીના પ્રભાવની પ્રક્રિયા છે. અને તેજો લેશ્યાનું પણ કારણ છે.

૫) કાર્મણ શરીર : આઠેય કર્મોના સમૂહરૂપ – તૈજસ શરીર કરતાં પણ સૂક્ષ્મ છે. આ છેલ્લા બે શરીરો અનાદિ અનંતકાળ પ્રત્યેક સંસારી જીવની સાથે જ હોય છ. આશરીર જીવનું અવલંબન છે. સ્થૂલ શરીરમાં પીડા–ક્રોધાદિભાવો આ શરીરને કારણે થાય છે. એક જીવને એક સાથે ઓછામાં ઓછા ત્રણ (વિગ્રહગતિ– એક ભવમાંથી બીજા ભવમાં જતાં બે) શરીરો હોય છે. અને વધીને ચાર હોય છે. પરંતુ સિદ્ધના જીવોને એક પણ શરીર નથી હોતું.

આ રીતે મનુષ્ય – તિર્યંચ – પશુ– પંખી સજીવોને ઔદારિક તૈજસ અને કાર્મણ શરીર નથી હોતું. દેવ – દેવીઓ – નારકોને વૈક્રિય – તૈજસ – કાર્મણ શરીર હોય છે. સંયમધર વિશિષ્ટ લબ્ધિધારીને આહારક – ઔદારિક – તૈજસ – કાર્મણ કુલ ચાર શરીર હોય છે અને સિદ્ધો અશરીરી હોય છે.




## દસપ્રાણ

પ્રાણ એટલે જીવન. જીવન તે પ્રાણ. શરીરધારી કોઈ પણ જીવ જીવન જીવે છે કે નહીં? તે આ દશામાંના કોઈ પણ અમુક સંખ્યાના પ્રાણો ચાલુ હોય, તો જ સમજી શકાય છે કે જીવ જીવે છે.

અથવા જીવે જીવવું એટલે આ દશમાંના કોઈ પણ અમુક જીવનો પ્રાણ ધારણ કરવો. અકે પણ પ્રાણ ન હોય તો, “અમુક જીવ, જીવન જીવે છે.” એમ કહેવાય જ નહિં. એટલે તે પ્રાણો વિના જીવ જીવી શકે જ નહીં. તે તો મરણ કહેવાય.

ઈન્દ્રિય શબ્દથી પાંચ ઈન્દ્રિયો સમજવી અને બળ શબ્દથી મનબળ–વચનબળ–કાયબળ એ ત્રણ બળો સમજવાં. તેમાં શ્વાસોચ્છ્વાસ અને આયુષ્ય ગણતાં પ્રાણોની દશની સંખ્યા પૂરી થશે.

આ દશ પ્રાણો જીવના છે. આત્મા તો અમર છે. તેના પ્રાણો તો જ્ઞાન, દર્શન, ચારિત્ર વગેરે છે. તેની સાથે આત્મા અનાદિ અનંતકાળ સુધી પ્રાણવાન રહે છે અને જીવે જ છે.

પરંતુ દશ પ્રાણ જીવના ગણાવ્યા છે, તે દુનિયામાં જેને જીવતો જીવ કહેવામાં આવે છે, તેના દશ પ્રાણો છે. જીવ અને આત્માનો ભેદ આગળ ઉપર સમજાવ્યો છે. તે ઉપરથી હકીકત બરાબર સમજી શકાશે.આ ચારે દ્રવ્ય – પ્રાણો સર્વ સંસારી જીવોને હોય છે. જેના યોગે જીવનું ચારેય ગતિને વિષે જીવન ટકી શકે છે અને તેના વિયોગે મરણ થાય છે. ભાવ પ્રાણ સિદ્ધના જીવોને વ્યક્ત હોય છે.

ઈન્દ્રિયો પાંચ છે તે પાંચના બે બે ભેદ છે. દ્રવ્ય ઈન્દ્રિય અને ભાવ ઈન્દ્રિય દ્રવ્ય ઈન્દ્રિયના બે ભેદ – નિવૃત્તિ અને ઉપકરણ. નિવૃતિ એટલે આકાર તેના બે પ્રભેદ (૧) બાહ્ય આકાર (૨) અભ્યંતર આકાર. ઉપકરણ એટલે શક્તિ. તેના પણ બે ભેદ (૧) બાહ્ય ઉપરકરણ અને (૨) અભ્યંતર ઉપરકરણ

બાહ્ય નિવૃત્તિ ભિન્ન ભિન્ન જાતિના જીવોને ભિન્ન ભિન્ન આકારવાળી હોય છે. જ્યારે અભ્યંતર નિવૃત્તિ સર્વ

જીવોની એક જ આકારવાળી હોય છે.

સંસારી જીવને જીતવાનું સાધન તે પ્રાણ છે.

### ૧. દ્રવ્યપ્રાણ ૨. ભાવપ્રાણ

સિદ્ધના જીવને ફક્ત શુદ્ધ ભાવપ્રાણ છે, તે દ્રવ્યપ્રાણ રહિત છે.

સંસારી જીવને ભાવપ્રાણ અને દ્રવ્યપ્રાણ બંને હોય છે.

દ્રવ્યપ્રાણ દસ અને ભાવપ્રાણ મુખ્યત્વે ચાર છે.

જીવ અનંત ગુણવાળો હોવાથી ભાવપ્રાણ પણ અનેક પ્રકારે છે.

jainuniversity.org

| દ્રવ્યપ્રાણ | | ભાવપ્રાણ | |
|---|---|---|---|
| પાંચ ઈન્દ્રિય | ૦૫ | જ્ઞાન | ૦૧ |
| મનાદિ ત્રણ બળ | ૦૩ | દર્શન | ૦૧ |
| શ્વાસોચ્છ્વાસ | ૦૧ | ચારિત્ર (ક્રિયા) | ૦૧ |
| આયુષ્ય | ૦૧ | વીર્ય | ૦૧ |
| | ૧૦ | | ૦૪ |




(૧) સ્પર્શેન્દ્રિય (ચામડી) : સ્પર્શ એ શરીરનો વિષય છે અને તે શરીરના આકારે હોય છે. પહોળાઈ પણ શરીર પ્રમાણ હોય છે. બહાર તેમજ અંદરના પોલાણના ઉપરના ભાગમાં છે. તેની જાડાળ અંગુલના અસંખ્યાતમાં ભાગની હોય છે.

(૨) રસનેન્દ્રિય (જીભ) : તે ખરપત્ર (અસ્ત્રા) આકારની છે. રસ તેનો વિષય છે. તેની પહોળાઈ અંગુ પૃથકત્વ હોય છે, જાડાઈ અંગુના અસંખ્યાતમાં ભાગની હોય છે.

(૩) ઘ્રાણેન્દ્રિય (નાક) : તે અતિ મુક્ત પુષ્પ કે મૃદંગ આકારે છે. તેનો વિષય ગંધ છે. તેની પહોળાઈ તેમજ જાડાઈ અંગુલના અસંખ્યાતમાં ભાગની હોય છે.

(૪) ચક્ષુરિન્દ્રિય (આંખ) : તે મસુરની દાળ અથવા ચંદ્રાકરે હોય છે. રૂપ તેનો વિષય છે. તેની પહોળાઈ અને જાડાઈ અંગુલના અસંખ્યગાતમાં ભાગની હોય છે.

(૫) શ્રોતેન્દ્રિય (કાન) : તે કદમ્બ પુષ્પાકારે હોય છે. શબ્દ તેનો વિષય છે. તેની પહોળાઈ તથા જાડાઈ અંગુલના અસંખ્યાતમાં ભાગે હોય છે.

વિષય ગ્રહણ : સ્પર્શેન્દ્રિય, રસનેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિયનો જઘન્યથી અંગુલના અસંખ્યાત ભાગે અને ઉત્કૃષ્ટથી ૯ યોજન સુધીનો જાણવો, ચક્ષુનો જઘન્યથી અંગુલના અસંખ્યાત ભાગે અને ઉત્કૃષ્ટથી ૧ લાખ યોજન (નિસ્તેજ વસ્તુ આશ્રયી) તથા ૨૧ લાખ યોજન (સતેજ વસ્તુ આશ્રયી દા.ત. સૂર્ય – ચંદ્ર) શ્રોતેન્દ્રિયનો ગ્રહણ કરવાનો જઘન્યથી અંગુલના અસંખ્યાત ભાગે અને ઉત્કૃષ્ટથી ૧૨ યોજન જાણવો. પાંચ ઈન્દ્રિયના ૨૩ વિષયો છે અને તેના વિકાર ૨૫૨ છે. સ્પશેન્દ્રિયના ૮ વિષય – ગુરુ લઘુ (ભારે – હલકો), શીત – ઉષ્ણ, મૃદુ–કર્કશ અને સ્નિગ્ધ–રૂક્ષ; રસનેન્દ્રિયના પાંચ વિષય તીખો–કડવો–તૂરો–ખાટો–મીઠો; ઘ્રાણેન્દ્રિયના બે –સુગંધ–દુર્ગંધ; ,ક્ષુરિન્દ્રિયના પાંચ–કાળો–લીલો–પીળો–લાલ–સફેદ અને શ્રોતેન્દ્રિયના ત્રણ સચિત્ત–અચિત્ત–મિશ્ર.

ચક્ષુ તથા કર્ણેન્દ્રિય તે બે કામેન્દ્રિય છે જ્યારે સ્પર્શ–રસ–ઘ્રાણેન્દ્રિય તે ભોગેન્દ્રિય છે.

બાહ્ય ઈન્દ્રિયો અંગોપાંગ નામકર્મ અને ઈન્દ્રિય પર્યાપ્તિના ઉદયથી પ્રાપ્ત થાય છે જ્યારે ભાવેન્દ્રિયો ઈન્દ્રિયાવરણ આદિના ક્ષયોપશમ અનુસાર પ્રાપ્ત થાય છે. આત્મા મન સાથે જોડાય છે. મન ઈન્દ્રિયો સાથે જોડાય છે જ્યારે ઈન્દ્રિયો પોતાના વિષયો સાથે જોડાય છે. મન સહિત જીવ જે – જે ઈન્દ્રિયમાં ભળે ત્યારે તે – તે ઈન્દ્રિય પોતાના જ વિષયને જાણે પણ બીજી ઈન્દ્રિયના વિષયને જાણે નહિ. ચોથા ઉપાંગમાં (પ્રજ્ઞાપના સૂત્ર) ભાવેન્દ્રિય પાંચ અને દ્રવ્યઈન્દ્રિય આઠ કહેલી છે. સ્પર્શ–રસની એક એક, ચક્ષુની–૨, ઘ્રાણેન્દ્રિય–૨, શ્રોતેન્દ્રિય – ૨ = ૮ ગણેલ છે.

સુશ્રુતમાં ૧૧ ઈન્દ્રિય કહેલ છે. જેમાં પાંચ ભાવેન્દ્રિય (બુદ્ધિ ઈન્દ્રિય) – ચામડી, જીભ ,નાક, આંખ, કાન જ્યારે છ કર્મેન્દ્રિયો – મન, વાણી–હસ્ત–પાદ–ગુદા અને લીંગ કહેલ છે. યોગબળ– આત્માના અનંતવીર્યરૂપથી વિપરીત બળ તે યોગબળ કહેવાય છે. તેના ત્રણ ભેદ છે. (૧) મનબળ, (૨) વચનબળ અને (૩) કાયબળ. મન, વચન, કાયાના પુદ્‌ગલોના અવલંબનથી ઉત્પન્ન થયેલો જે વીર્યવ્યાપાર (આત્માના પ્રદેશ સકંપ થાય અને કર્મો ખેંચાય) તે યોગ કહેવાય છે. યોગ (બળ) એટલે શક્તિ – સામર્થ્ય. તે ત્રણ પ્રકારે છે. મનયોગ, વચનયોગ, કાયયોગ.

(૧) મનયોગ : શરીરના માધ્યમથી મનોવર્ગણાનાં પુદ્‌ગલોને મનરૂપે પરિણમન (આ દ્રવ્ય–મન કહેવાય છે અને દ્રવ્ય–મન દ્વારા ચિંતન, મનન કરાય તે ભાવમન) અને અવલંબન કરી વિસર્જન કરાય તે મનયોગ કહેવાય છે. દ્રવ્ય–મન સંજ્ઞી પંચેન્દ્રિયને હોય છે. એકેન્દ્રિય આદિ જીવોને સૂક્ષ્મ દ્રવ્ય–મન હોય છે કારણ દ્રવ્યમન વિના ભાવમન ન હોયે. પણ ભાવમન સિવાય દ્રવ્યમન હોઈ શકે છે (જેમ કે કેવળજ્ઞાનીઓને) ભાવમનની લબ્ધિ સર્વ સંસારી જીવોને હોય છે. (લબ્ધિમન)

(૨) વચનયોગ : કાયાના વ્યાપાર દ્વારા ભાષાવર્ગણાના પુદ્‌ગલને ગ્રહણ કરી ભાષારૂપે પરિણમન (આ દ્રવ્યભાષા કહેવાય છે અને તેના દ્વારા જે લબ્ધિ રૂપે શબ્દાકાર થાય છે તે ભાવભાષા) અને અવલંબન કરી વિસર્જન બોલવા વડે થાય છે તે વચનયોગ કહેવાય છે.

(૩) કાયયોગ : કાયયોગ વડે ઔદારિક આદિ વર્ગણાના પુદ્‌ગલોને ગ્રહણ કરી તે તે પ્રકારના શરીર રૂપે અવલંબી અર્થાત્ પરિણમન પમાડી વિસર્જન કરે તે કાયયોગ કહેવાય છે.

વીર્ય : બે પ્રકાર છે. (૧) કરણ વીર્ય જે પ્રવૃત્તિ રૂપે હોય છે. (૨) લબ્ધિવીર્ય જે શક્તિ રૂપે હોય છે.

આયુષ્ય : અનાદિ અનંત સત્તા સ્વરૂપથી વિપરીત સાદિ–સાંત રૂપ જે પ્રાણ તે આયુષ્યપ્રાણ.

શ્વાસોશ્વાસ : આત્માના અનંત અવ્યાબાધ સુખરૂપથી વિપરીત અલ્પખેદ નિવૃત્તિરૂપ જે પ્રાણ તે શ્વાસોચ્છ્‌વાસ પ્રાણ.